# શિયાળાનું વિષાદ કાવ્ય

આ જીવલેણ ઠંડીમાં હાથની ત્વચા હમણાં ખરીને જમીનનો કચરો થઈ જશે એવું લાગે છે. જાણે મુઠ્ઠીમાં રેતી ભરી હાથ ઘસી રહ્યા હોઈએ. ગ્રીષ્મના આકરા તાપમાં જે હાથ નરમ લાગતા હતા એ અત્યારે ગેંડાની ચામડી જેવા બરડ બની ગયા છે. અર્જુનના પ્રહારથી ભીષ્મની કાયામાં ક્યાં ક્યાં તીર વાગ્યાં હતાં એનો નમૂનો મને ઠગી ગયેલી આ રુવાંટી આપે છે.

સાઉથ બોપલમાં સવારે જ્યારે પડખામાં બરફનો ટુકડો દબાવીને ચાલતો હોઉં. અને એનું હળવે હળવે નિસ્યંદન થતું શીત જળ આખા શરીરને ધ્રુજાવી દેતું હોય એવી કમકમાટી ઊપજી આવે છે. એના બાપની ધોરાજી હોય એમ મનફાવે ત્યાં પવન ઊડી રહ્યો છે. અપાર્ટમેન્ટના સિક્યોરિટીની કાણાંવાળી ટોપીમાં કોઈ આદિવાસીનું તીર બની કાનમાં ખૂંપી જાય છે. જેની પાસે પહેરવા સ્વેટર નથી એવી વિચરતી પ્રજાતિની ઉઘાડી છાતીમાં ઠંડા પવનની હથોડીઓ ધડિંગ... ધડિંગ... ઝીંકાય છે. ધરતીના પરિધાનસમી ધૂળને ઉડાવી મૂકીને તેનાં અનાવૃત સ્તનને ચુંબન આપે છે. મસ્તીએ ચડેલા શ્વાનોની કરામતનું અવલોકન કરી એ સળગાવેલા તાપણા સાથે રમત રમે છે. ઊંચા થયેલા ડોયામાંથી તપેલીમાં પડતું દૂધ જોઈ એને સ્વાદેન્દ્રિય ફૂટી નીકળે છે. તપેલીમાં પડતી દૂધધારને એ હળવેકથી ધક્કો મારી ખેસવે છે. જાણે ચાટીને હવામાં ઓગળી ગયો.

શિયાળાની એક બફર રાત જેવી સવાર મને યાદ આવે છે. જ્યારે ઠંડી સાથે સિંહનું ટોળું સીમમાં આટો મારી જતું. કવિબહેનની ખીલે બંધાયેલી ભેંસને ઠંડી કરતાં એ સિંહની ત્રાડની બીક વધારે ખાતી જતી. કવિબહેન તો આ ભેંસની ધ્રુજારીનું અર્થઘટન કંઈક એવી રીતે કરતી કે બચારીને ભારે

ઠંડી વાય છે, પણ વારંવાર નીકળી જતા એના મૂતરની પાછળ કયો વિશ્રંભ ભય છુપાયો છે તેની બુદ્ધિ વગરની કવિને કોઈ દિવસ ભનક ન પડી.

'ઘાયલ'ની ખુમારી જેવી એ ભેંસ બીકમાં ને બીકમાં 'મરીઝ'ના જામની જેમ ગળતી ગઈ. પાબ્લો પિકાસોની પીંછીનો અગમ્ય કસબ એની જીર્ણોદ્ધાર ઝંખતી કાયાના નિશ્ચિત ભાગ ઉપર કંડારાયેલો. એની ફાટી આંખોની કિનારીએ ચોંટી ગયેલી રજકણો, અમે એને માટી ભેગી કરવા આવ્યા છીએનું મરશિયું ગાતી હતી. માંસ જ્યારે અંદરનાં અકરાંતિયાં જીવડાં ખાઈ ગયાં હોય. એની આંખો, એની પીઠ અને એનાં સુકાઈ ગયેલા થાનેલાં ઉપર માખીઓનું ચોમાસું બેઠું હતું. એના ગુદાદ્વારમાંથી થાબડીનાં મોટા પેંડા જેવા બખ બખ પડવા જોઈએ એની જગ્યાએ પોદળાની પિચકારિયું વછૂટતી હતી.

પછી શિયાળાની એક સવારે હિરણ નદીની એક ચોક્કસ વેરાન જગ્યાએ એનું ક્ષતવિક્ષત મડદું જોયેલું. અપ્રત્યક્ષ દેખાઈ હતી મને એ, શિયાળામાં નરસિંહ ટેકરીના ખાડિયા વિસ્તારમાં એક ઉપર એક એમ ટૂંટિયું વળીને પડેલા કૂતરાઓના ઉદરમાં શાંતિથી પોઢેલી!

હું રોજ એના શરીરને અસ્ત થતું જોતો. અસ્ત થતું જોતો. અસ્ત થતું જોતો. અને એક દિવસ માલેતુજારના મકાનની દીવાલને શોભા આપવા સક્ષમ એનું વિશાળકાય શીંગડું હિરણની શોભામાં અભિવૃદ્ધિ આપવા શેષ રહી ગયેલું. હિરણના કોરાપટમાં એ શાનથી એવી રીતે પડ્યું હતું, જાણે ગીરની આ ધરાએ શીંગડાં ઉગાડતાં શીખી લીધું હોય.

ત્યારે તો અમને ક્યાં ખબર હતી, પણ મોટા થાઓ ત્યારે એક સાંધો ત્યાં તેર તૂટેની સ્થિતિ કેવી હોય એ માટે અમને નરસિંહ ટેકરીમાં બરફના ગોલાનો ધંધો કરતા ભાઈ યાદ આવ્યા. એની ટનટન વાગતી ટંકોરીનું ગળું રૂંધાઈ ગયું હોય. બરફની હત્યા કરવાના એની છરીના ઓરતા ઉપર શિયાળાની કોર્ટે સ્ટે લગાવ્યો હોય. એની મશીનરીએ નકોરડા ઉપવાસ રાખ્યા હોય અને એની રેંકડી શિયાળાના પવનના કારણે એના ઘરમાં જ્યાં ત્યાં અથડાઈ દીવાલનાં પોપડાં ઉખાડતી માથાં ભટકાવતી હોય.

કોઈને સુખ હોય તો એ ફક્ત હિરણ નદીનાં ટાઢાબોળ પાણીમાં તરતાં

માછલાંને. શ્રીબાઈ આશ્રમની બહાર લંગોટ બાંધીને એક સાધુમહાત્મા વિચરતાં ને વિચારતાં નજરે ચડતાં. એણે મંત્ર સિદ્ધ કર્યો હોય એવી અફવા ફેલાયેલી, અન્યથા લંગોટ પહેરેલા આ જટાધારી સાધુના શરીરથી શિયાળો બાર ગામ છેટો કેમ રહી જાય?

ભૂંડ અને કૂતરાઓ કોઈના ઘરની દીવાલ પાડી નાખવી હોય એવો ઊંડો ખાડો ખોદી શિયાળાની કાતિલ રાત્રિએ સીતાફળની દેહરચનાની જેમ એકબીજાને ચોંટી આરામ ફરમાવતાં. બ્રાહ્મણના ઘરની પછવાડે તો જાણે એમને સરકારે ઠેકો આપ્યો હોય એમ ખાડાને કૂવો કરવા લાગેલા. આ વાતની પ્રભુભજનમાં લીન રહેતા અમારા બ્રાહ્મણ પાડોશીને ખબર લાગી ગઈ. ખાડિયાનું ગંદું પાણી પોતાનાં દેહછિદ્રોમાં ભરી લાવી નરસિંહ ટેકરીના મનુષ્યોના નાકને પરાણે જુગુપ્સા ઉપજાવવામાં વરાહને અતિશય આનંદ આવતો. શિયાળાની એક દુષ્ટ સવારે અમારા ઇષ્ટપ્રેમી બ્રાહ્મણ પાડોશીએ ઠંડા પાણીની ડોલ હર હર શંભુના નાદ સાથે પેલા મૂંગા જીવ ઉપર રેડી દીધી. ગડગડતી હડી કાઢતા એ સૂર્યની શોધમાં ક્યાંક ભાગી ગયા! તે પાછા ક્યારેય આવ્યા જ નહીં.

રબારી અને આહીરના ઘરની વચ્ચે પડતાં ખાચામાં કૂતરી વિયાતી. સમીપ આવી સહાયતા કરનારાઓને વડકાં ભરતી એટલે રબારીએ એના શરીરને ઢાંકવા પોતાના ઘર ઉપરથી કોથળો ફેંકેલો. એવી માન્યતા હતી કે હોળી કાઢી જાય એ બચ્ચાં જીવે. શિયાળાના આક્રમણ સામે ન ઝઝૂમી શકનાર બાળશ્વાન છેલ્લે એ કોથળાને પોતાના દાંત વચ્ચે ભીંસી મરણપથારી કરી લેતું. નરસિંહ ટેકરીનાં છોકરાં તેની અંતિમક્રિયા કરવા કોથળાને ખેંચતાં. ભેગું ભેગું કૂતરું પણ ખેંચાતું. આખી નરસિંહ ટેકરીમાં એ ગંધાતું કૂતરું પોતાના શરીરની છાપ અંકિત કરતું જતું. ઠંડીએ ઠીંગરાયેલું એનું શરીર અને કકડાવી નાખેલા એના દાંત પર મરણ બાદ સ્મિતનું ‘લેબલ’ લાગી જતું. મૃત્યુની આ જ તો કમાલ છે! કેવી શાંતિ પ્રદાન કરે છે! કોઈ તોફાનિયો જીવ હિરણની એક જગ્યાએ તેનો છુટ્ટો ઘા કરતો અને એ પણ ત્યાં ઊંડા ખાડામાં કોથળા સાથે વીંટળાઈ પડ્યું રહેતું. એનો નશ્વરદેહ પણ કાગડા, જીવડાં અને ક્યારેક ક્યારેક શિયાળિયું ચૂંથી ખાતું. બજરબટ્ટું જેવા થઈ ગયેલા

અંધકારમાં શીતરથમાં બેસીને સૂનમૂન આવતો કાતિલ શિયાળો પણ તેના દેહને થોડો ખાઈ જતો હોવો જોઈએ.

શિયાળાની સાથે અમે દોટ લગાવતા. અને એ હરામખોર શિયાળો નજીકના મિત્રને હમણાં જ કાંધ દઈ આવ્યા હોઈએ એવી અમારી આંખ કરી નાખતો. ધૂળ સાથે ગઠબંધન કરી એ અમારા ગાલ ફાડી નાખતો. એક અદૃશ્ય છરીથી અમારા હોઠની ચામડીમાં મઝાનો ચીરા પાડતો. ઘરડાઓના જૂના ઘાને જીવતા કરવામાં એની મોજ બેવડાતી. આખી રાત ભરીને રાખેલું ઠંડા પાણીનું માટલું જ્યારે ગુરુકુળના છાત્રોની ઉપર ઢોળાતું ત્યારે તેની ખુશીનો પાર ન રહેતો. હિરણ નદીના શીતળ જળમાં મિત્રને ધક્કો મારવાનું કારસ્તાન ઘડીયે અને જ્યારે એ કારસ્તાન તેના અંતિમ પર આવે ત્યારે શિયાળો હરખાતો. એ પેલા મિત્રને પાણીની અંદર રહેલી પોતાની બંને અસીમ ભુજાઓથી આવકારતો ઝીલી લેતો. પાણીમાંથી બહાર નીકળતા એ મિત્રની શકલ ગયા વર્ષનાં શ્રાવણના મેળામાંથી ખરીદેલા વાજિંત્ર વગાડતા વાંદરા જેવી થઈ જતી. એ ધ્રૂજતો. એના હાથમાં મંજીરા આપી દઈએ તો સુંદર ધ્વનિ કાઢી શકવા સક્ષમ ધ્રૂજતો.

આ કાતિલ શિયાળો ઘડીએ ઘડી પેટમાં ઉંદર દોડાવતો. રસોડામાં મારી બાનું કામ વધારી દેતો. અમે એટલું ઠૂંસતા કે બાપુજીની અર્થવ્યવસ્થાની ગાડી પાટા પરથી નીચે ઉતારી નાખતો.

સાઉથ બોપલમાં સનસિટી પાસે આવેલી જયરામની ચાની દુકાને જઈ ઊભો રહું તો ચંચળ મનને ઘડીક થઈ જાય કે આ ઊકળતી ચાના ગરમ ગરમ તપેલાને હાથ અડાડી લઉં. એ તો અશક્ય છે, પરંતુ હમણાંથી નવસર્જન પામી રહેલા રોડની બાજુમાંથી ચાલતો જઈ તેની ઉષ્ણતાને શરીરમાં અથડાવવાનો લહાવો લઉં છું. દેખાય છે મને નખ્ખોદિયા શિયાળાના કારણે મોડો ઊગતો અને વહેલો આથમી જતો સૂરજ. ગમે છે એની એક વસ્તુ કે એ કોઈના શરીરથી અભડાતો નથી.